## મહે.સુરતના ૦૭માં એડી.સિવિલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ, સુરત

રૂમ નં–૨૩, FTC બિલ્ડીંગ, ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત

ફોજદારી કેસ નંબર– **CC/63128/2021**

**આંક–૪**

ફરીયાદી **:** સરકારશ્રી

વિરૂદ્ધ

આરોપી : **DYASHANKAR TRIJUGI PANDE**

## ગુનો:– મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબ

**–:: ચુકાદો::–**

૧) ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.–...../....../........ના રોજ કલાક–...../.... વાગ્યાના પાસે વગર પાસ પરમીટે દારૂનો નશો કરી પોતાના કબ્જાનું વાહન હકારી પકડાઈ જઈ આરોપીએ ઉપર મુજબનો ગુનો કરેલ છે. જે બદલનું ચાર્જશીટ આરોપી વિરૂધ્ધ આ અદાલતમાં તપાસના અંતે દાખલ કરેલ છે.

૨) આરોપી કોર્ટ સમક્ષ રજુ થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. અને આજરોજ અદાલતમાં આરોપીએ તેમના ગુનો અહેસાસ કરતા અને આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાની કબુલાત કરેલ છે. ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા સદર આરોપીએ સદર ગુનો સ્વખુશીથી કબુલ કરેલ છે. આરોપી તેની પુરસીસમાં જણાવે છે કે, તેનો આ પ્રથમ ગુનો છે. થયેલ ભુલ બદલ પ્રસ્તાવો વ્યક્ત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાત્રી આપે છે. અને તેઓ કુંટુબ કબીલાવાળા માણસ છે કાયદાની અજ્ઞાનતાથી ભુલ થયેલ છે તેમજ પોતાને ભુલ બદલ હળવી સજા કરવા દાયની અરજ ગુજારેલ છે. જે તમામ સંજોગો તથા કેસની હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

૩) આ અદાલતે કરેલ ઉપરોક્ત ચર્ચા અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ મુજબ એમ.વી. એક્ટની કલમ ૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨,૫૦૦/– (અંકે બે હજાર પાંચ સો રૂપિયા)નો દંડ, દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજાની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં વાહન સંબંધે અત્રેની અદાલતમા કોઈ વ્યક્તિએ ક્લેઈમ કરેલ નથી. ક્લેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.–૧૦/૦૭/૨૦૨૧ ના રોજ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળ : સુરત

(આર.એસ.રાઠૌર)<br>
૭માં અધિક સીવિલ જજ અને<br>
જ્યુડી. મેજી.ફ.ક., સુરત